# ધો-૧૨ સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષાની નવી તારીખ હવે જાહેર કરાશે

**એકના બદલે બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષાનુ આયોજન કરાશે**

**ધો-૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ૨૫ ઓગષ્ટથી પુરક પરીક્ષા**

ગાંધીનગર તા ૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયના બદલે બે વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી પુરક પરીક્ષા યોજવામાં આવશે જયારે આ માટે નવેસરથી આવેદનપત્ર મેળવી બેઠક વ્યવસ્થાનુ આયોજન કરાશે ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં તા ૨૩ ઓગષ્ટના રોજ યોજાનારી પરીક્ષા રદ કરવામાં આવી છે. જયારે ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થયેલા ઉમેદવારોની પુરક પરીક્ષા તા ૨૫ થી ૨૮ ઓગષ્ટ દરમિયાન લેવાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કોરોનાની મહામારીને ધ્યાને લઈ ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયના બદલે બે વિષયમાં નાપસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષાને અનુલક્ષી હવે એકના બદલે બો વિષય માટે ઉમેદવારોની બેઠક વ્યવસ્થાનુ આયોજન કરાશે. આ અંગે માધ્યમિક અનો ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ ડી એસ પટેલના જણાંવ્યા મુજબ બેઠક વ્યવસ્થાનો સમય મળી રહે તે માટે અગાઉ તા ૨૩ ઓગષ્ટનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. જયારે બોર્ડ દ્વારા સામાન્ય પ્રવાહ માટેની નવી તારીખ અને તેનો કાર્યક્રમ હવે પછી જાહેર કરાશે. જેની વિદ્યાર્થીઓ અને વાલીઓએ નોંધ લેવા પણ જણાંવાયુ છે. આ ઉપરાંત ધો -૧૦ અને ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે બે વિષયમાં નાપાસ થયેલા ઉમેદવારોની પુરક પરીક્ષા તા ૨૫ થી ૨૮ ઓગષ્ટ દરમિયાન યોજવામાં આવશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

# ઉનાવા જુગારકાંડના ''જમાદાર'' ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર નજીક આવેલા ઉનાવા ગામે ખેતરની ઓરડી પાસેથી એલસીબી-૨ એ રેઈડ પાડીને જુગારધામ પકડી પાડ્યું હતું. આ જુગારધામમાં પોલીસની મિલીભગત પણ બહાર આવી હતી. જેમાં બે પોલીસકર્મીઓને એલસીબી પોલીસે પકડી પાડ્યા હતા.જયારે હેડ કવાટર્ર ખાતે ફરજ બજાવતા ઘનશ્યામસિંહ વાઘેલા ઉર્ફે જમાદાર આખરે પોલીસના હાથમાં આવી ગયા



છે. ગત તા. ૧૭ ના રોજ થી જમાદાર પોલીસથી ભાગતા ફરતા હતા. મળતી માહિતી મુજબ જમાદાર શહેરની આસપાસ તેમજ રાજય બહાર સંતાઈને ફરતા હતા. પોલીસની ટીમ તેમની નજીક પહોંચી જતી હતી પરંતુ તે પહેલા જ તે ભાગી છુટવામાં સફળ થતા હતા. ત્યારે એલસીબી-૨ ની ટીમે પાટનગરમાંથી જ ઘનશ્યામસિંહ ઉર્ફે જમાદારની પકડી પાડ્યા હતા. પોલીસે આરોપીની અટકાયત કરીને આગળની તપાસ હાથ ધરી છે.

# સેક્ટર-૨૭ના ૯૦ વર્ષના કમળા બાએ કોરોનાને મહાત આપી

**અડધી સદીથી પણ વધારે સમયથી એક ફેફસા પર જીવન જીવતા કમળાબા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના સે. ૨૭ ના રહીશ જે નોખી માટીના નોખા માનવી છે તેમને ૯૦ વર્ષની વયે કોરોનાને પરાસ્ત કરી તેમના ઘરે પરત ફર્યા છે.

આ ૯૦ વર્ષીય મહિલા છે જેમનુ નામ કમળાબા લિમ્બાચિયા છે. કમળાબાએ જીવનમાં



અનેકવિધ સંઘર્ષ કર્યો છે. તેમણે કોરોના પહેલા પણ બે વખત મોત સામેનો જંગ જીત્યો છે. એટલે જ કમળાબાને નોખી માટીના નોખા માનવી કહેવા પડે.

૧૯૬૮ ના વર્ષમાં કમળાબા ટી.બી.ની બિમારીમાં પટકાયા હતા. તેમની સ્થિતિ એક તબક્કે નાજુક બની હતી ત્યારે ડોક્ટરોએ તેમનુ એક ફેફસુ કાઢી નાખવામાં આવે તો તેઓ બચી શકે તેવો નિર્ણય કર્યો અને તેમણે તે કઢાવી નાખ્યુ.

હાલ માત્ર એક ફેફસા પર તેઓ આટલી લાંબી આયુ ધરાવે છે. સંપૂર્ણ સ્વસ્થ રહે છે. તેમને ૬ ઓગષ્ટના રોજ ગાંધીનગર સિવિલમાં કોરોના પોઝીટીવ આવતાં દાખલ કરાયા હતા. મક્કમ મનોબળ ધરાવતા કમળાબાની સારવાર ગાંધીનગર સિવિલની ટીમે પણ એક વડીલને સંપૂર્ણ હૂંફ અને પ્રેમ આપી કરી બસ કમળાબાએ સૌને અચરજમાં મુકી દીધા અને ૧૩મીએ સંપૂર્ણ કોરોના મુક્ત થઈ તેઓ તેમના ઘરે ગયા. કમળાબા સિવિલમાં સારવારના સ્મરણ અંગે કહે છે કે હંસાબેન, પ્રિયંકાબેન તો તેમની દિકરીઓ બની અદ્ભુત સારવાર કરી છે. આ ઉપરાંત ડૉ. ચિરાયુ વૈદ્ય, ડૉ. નિમેષ ઠક્કર, ડૉ. શશી મુન્દ્રા અને તેમની ટીમે તેમની જે સંભાળ લીધી છે તે માટે કોઈ જ શબ્દો નથી. તેમણે ટીમ સિવિલનો આ માટે ખુબ આભાર માન્યો છે.

૨૦૦૪ની સાલમાં તેઓ ગંભીર બિમાર બન્યા હતા ત્યારે ડૉ. ચિરાયુ વૈદ્યે તેમની સારવાર કરી હતી અને તેઓ સાજા થઈ ઘરે ગયા હતા. બે વર્ષ બાદ પુનઃ બિમારીમાં સપડાયેલા કમળાબાને ડૉ. નરેશ મલ્હોત્રા અને તેમની ટીમે મહેનત કરી બચાવી લીધા હતા. હવે પુનઃ ૨૦૨૦માં કોરોનાને તેઓ મ્હાત કરી તેમના ઘરે પાછા ફર્યા છે. નિયમિતતા, સાદગી, સાલસતા ધરાવતા કમળાબાની વાત ખરેખર નોખી માટીના નોખા માનવી જેવી છે. માત્ર એક જ ફેફસુ ધરાવતા કમળાબા અડગ મનના છે. કમળાબા સ્વાદના પણ રસિક છે. સલામ છે કમળાબાને અને સલામ છે કોરોના વોરિયર્સને...

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



**સાહેબ, કોરોનાથી તમારું નાક જાતે બચાવી લેજો... બાકી સરહદ પર નાક બચાવવાની ચિંતા અમારી પર છોડી દેજો....**

# ધરમપુર (ભુંડીયા) પાસેથી ડફેર બંદુક સાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા ધરમપુર (ભુંડીયા) ગામ પાસેથી એક ઈસમને એલસીબી-૨ પોલીસે સીંગલ બેરલની બંદુક, ભડાકા કરવાનો ગંદ્રપ અને છરા સાથે દબોચી લીધો છે. એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો રાત્રી પેટ્રોલીંગમા હતા. તે સમયે ટીમના હરદેવસિંહને ખાનગી રાહે આરોપી અંગે બાતમી મળી હતી. જેથી ગુરુવારના રોજ રાત્રીના ૧ વાગે ધરમપુર (ભુંડીયા) થી દશેલા તરફ જવાના માર્ગ પરથી પોલીસે આરોપીને પકડી પાડ્યો હતો.


૭૪મા સ્વાતંત્ર્ય દિને પ્રજાજનોને હાર્દિક શુભકામના પાઠવે છે....

**ચિલોડા(ડા) ગ્રામ પંચાયત**

મુ.પો. ચિલોડા(ડા), તા. જિ. ગાંધીનગર

પટેલ વાસુમતીબેન દિનેશભાઈ (સરપંચ) | પટેલ જયંતિભાઈ ગોરધનભાઈ (ઉપસરપંચ)
સોલંકી હરેશભાઈ કાળાભાઈ (સભ્ય) | પટેલ આશાબેન શૈલેષકુમાર (સભ્ય)
પટેલ સંગીતાબેન મહેશભાઈ (સભ્ય) | પટેલ રાગિણીબેન અનિલભાઈ (સભ્ય)
પટેલ જાગૃતિબેન રાકેશભાઈ (સભ્ય) | ઠાકોર વંદનાબેન દિલીપભાઈ (સભ્ય)
ઠાકોર નીલુબેન ધમેન્દ્રજી (સભ્ય) | પટેલ નટવરભાઈ શિવાભાઈ (સભ્ય)
મારવાડી સંજયભાઈ ગોરધનભાઈ (સભ્ય) | પટેલ રોહિતભાઈ શંકરભાઈ (ક્લાર્ક)
ઠાકોર ધર્મેન્દ્રજી કનુજી (પટાવાળા) | પટેલ બિરેનકુમાર દશરથભાઈ (વી.સી.)
અરજમભાઈ ઠાકોર (બોર ઓપરેટર) | ઠાકોર મેલાજી હુકાજી (બોર ઓપરેટર)

ચૌધરી રાજેન્દ્ર જે. (તલાટી કમ મંત્રી)



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ૭૪માં સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ

ગુજરાતના સર્વાંગી વિકાસને સર્વદા સમર્પિત રહેવું એ શ્રેષ્ઠ રાષ્ટ્રભક્તિ છે



15th AUGUST
INDEPENDENCE DAY

## સ્વતંત્રતાની ઉજવણી, આત્મનિર્ભરતાની તૈયારી

### કોરોના સામે ગુજરાતની ઢાલ બની ગુજરાત સરકાર

કોરોના સંક્રમિતોની યોગ્ય સારવાર માટે **૫૨ હજાર કોવિડ બેડ તેમજ ૨૩૦૦ વેન્ટિલેટર્સ ઉપલબ્ધ**

કોરોના ટેસ્ટિંગ માટે રાજ્યભરમાં **૩૪ સરકારી અને ૨૫ પ્રાઈવેટ એમ કુલ ૫૯ લેબોરેટરી ઉપલબ્ધ**

ગુજરાતમાં કુલ **કોરોનાના ૭૫૪૮૨ પોઝિટીવ કેસ** સામે **૫૮૪૩૯ લોકો સંક્રમણમાંથી બહાર આવ્યાં** અને **હાલ ૧૪૩૧૦ કેસ જ એક્ટિવ છે**

કોરોના દર્દીઓનો રિકવરીરેટ **૭૭% થી વધુ અને મૃત્યુદર ૭.૮% થી ઘટીને ૨.૨% થયો**

**IIM-A** ના સર્વેમાં **૮૦% ગુજરાતીઓ સરકારના કામથી ખુશ, WHO** એ પણ સરકારની કામગીરી બિરદાવી

**૫૩૦૦ કરોડ રૂપિયાની બહુહેતુક ભાડભૂત યોજના લોન્ચ કરાઈ જેનાથી નર્મદાના નીરમાં ખારું પાણી આવતું અટકશે અને ૨૧,૧૫૩ મિલિયન ઘનફૂટ વરસાદી પણીનો સંગ્રહ થશે**

### આત્મનિર્ભર બની રહ્યું છે ગુજરાત

નાના દુકાનદારો અને પરંપરાગત વ્યવસાયિકોને પુનઃ પગભર કરવા **રૂ.૧૪,૦૦૦ કરોડનું આત્મનિર્ભર પેકેજ જાહેર કરાયું**

પ્રોપર્ટી ટેક્ષ, વીજ બીલ અને વાહન કરમાં રાહત માટે **રૂ.૨૩૦૦ કરોડની ફાળવણી**

ઉદ્યોગ વ્યવસાયો માટે **રૂ.૩૦૩૮ કરોડની પ્રોત્સાહક સબસીડી, શ્રમિક કલ્યાણ માટે રૂ.૪૬૬ કરોડ, હાઉસીંગ સેક્ટર માટે રૂ.૧૦૦૦ કરોડ તેમજ કૃષિ, પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગ માટે રૂ.૧૧૯૦ કરોડની** ફાળવણી કરાઈ

ગુજરાતમાં અત્યાર સુધીમાં **૬૫૯૩૦ વ્યવસાયિકોને રૂ.૬૭૩.૬૩ કરોડની લોન** મળી ચૂકી છે

**ખેડૂતોને રાત્રે ખેતરમાં ઉજાગરા ના કરવા પડે અને દિવસે પૂરતી વીજળી મળતી રહે તે માટે "દિનકર યોજના" લોન્ચ કરાઈ**

### મુખ્યમંત્રી કિસાન સહાય યોજના

**ગુજરાતના તમામ ખેડૂતોને બધાજ ખરીફ પાક ઉપર આ યોજનાનો લાભ મળશે**

કોઈ પણ **પ્રિમિયમ ભર્યા વગર** ખેડૂતોને નુકશાન સામે મળશે વળતર, **મહત્તમ ૪ હેક્ટર સુધી મળશે લાભ**

ખરીફ ઋતુ દરમિયાન **33% થી ૬૦% થયેલા પાકના નુકસાન માટે પ્રતિ હેક્ટર રૂ.૨૦ હજાર અને ૬૦% થી વધુ નુકસાન માટે પ્રતિ હેક્ટર રૂ.૨૫ હજારની સહાય**

**છેલ્લા ચાર વર્ષમાં ૧ લાખ યુવાનોને મળી સરકારી નોકરી અને ૪૦૦૦ ભરતી મેળા દ્વારા ૧૦ લાખથી વધુ યુવાનોને નોકરી મળી**

### આત્મનિર્ભર ગુજરાત તરફ મહત્વપૂર્ણ પગલું, નવી ઔદ્યોગિક પોલીસી જાહેર કરાઈ

ઓછા ઔદ્યોગિક વિકાસ ધરાવતા તાલુકામાં **ઉદ્યોગની સ્થાપના માટે પ્રોત્સાહન**

નેટ **SGST**ના વળતરોને દૂર કરનારૂ **ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું**

નવા ઉદ્યોગોને **૫ વર્ષ માટે ઈલેક્ટ્રિસીટી ડ્યુટી ભરવામાંથી છૂટ**

**રિલોકેશન ઈન્સેન્ટિવ્સઃ** અન્ય દેશોમાંથી રિલોકેટ (સ્થળાંતર) કરવાની યોજના બનાવી રહેલી કંપનીઓને ગુજરાતમાં એકમ સ્થાપવા **કેસ ટુ કેસ વિશેષ ઈન્સેન્ટિવ્સ અપાશે**

સ્ટાર્ટઅપને સીડ સપોર્ટ **રૂ.૨૦ લાખથી વધારીને રૂ. 30 લાખ કરાયો**

**જીવદયા માટે કરુણા અભિયાનની નવી પહેલ રાજ્યમાં ૪૬૦ હરતાં ફરતાં પશુ દવાખાના શરૂ કરાયા**



ગુજરાતની જનતાને **૭૪માં સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ,** કોરોનાનાં કારણે થયેલા નુકસાનથી ગુજરાતને ફરી બેઠું કરવા, **પુનઃ ધબકતું કરવા તેમજ આત્મનિર્ભર બનાવવા માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે.**

**– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**